Gujarat Samachar Pg 8, 02nd Aug 2022

# આઈસી૧૫ ઈન્ડેક્સમાં ૬૯૩ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ, તા. ૧ : એક બાજુ વ્યાજદરના વધારાને લગતી ચિંતા ઓસરી છે, પરંતુ બીજી બાજુ અર્થતંત્રની સ્થિતિને લગતી અનિશ્ચિતતા પ્રવર્તે છે. આવા સંજોગોમાં ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં સોમવારે ઘટાડો નોંધાયો હતો. બિટકોઈન વીકેન્ડમાં ૨૪,૫૦૦ની સપાટી સુધી વધ્યા બાદ સોમવારે ૨૩,૨૦૦ ડોલરની નજીક ટ્રેડ થઈ રહ્યો હતો. દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ સોમવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૨.૦૪ ટકા (૬૯૩ પોઈન્ટ) ઘટીને ૩૩,૨૬૯ પોઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૩૩,૯૬૪ ખૂલીને ૩૪,૬૯૨ સુધીની ઉપલી અને ૩૩,૦૯૭ પોઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.